# ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, ભા.કૃ.અનુ.પ. - સીફા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિનની ઉજવણી

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર આઈ.સી.એ.આર.-સીફા, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આ.કૃ.યુ., દેવાતજના સહયોગથી તારીખ ૧૦ જુલાઈ, ૨૦૧૭ના રોજ અનિકેત ખેડૂત છાત્રાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે "રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિન" ની ઉજવણી કરવામાં આવેલ જેમાં મત્સ્ય ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ મળી ૧૦૦થી વધુ ઉપસ્થિત રહ્યા હતા

ઉદ્ઘાટન સમારોહની શરૂઆતમાં ડૉ. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભવો, મત્સ્ય ખેડૂતો, વિધાર્થીઓ અને ભાગ લેનાર સૌનું હાર્દીક સ્વાગત કર્યું હતું. ડૉ. સી. કે. મિશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, ભા.કૃ.અનુ.પ.-સીફાએ કાર્યક્રમની વિગત આપી હતી. ભા.કૃ.અનુ.પ. - સીફા, ભુવનેશ્વરના ડૉ. એસ. સી. રથ, પ્રભારી વૈજ્ઞાનિકે આ દિવસની અગત્યતા સમજાવતા કહ્યુ કે પ્રેરીત પ્રજનન તકનીક દ્વારા સફળતાપૂર્વક બીજ ઉત્પાદન કરવાની સિધ્ધીએ ભારતમાં નીલ ક્રાંતી લાવવામાં મહત્વની ભૂમીકા ભજવી જેનાથી મત્સ્ય ઉત્પાદનમાં પણ વધારો લાવી શકાયો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન એવા ડૉ. પી. મનીવેલ, નિર્દેશક, ભા.કૃ.અનુ.પ. - ઔષધિય અને સુગંધીત પાક સંશોધન નિર્દેશાલય, આણંદે મત્સ્ય ઉછેરના જુદા જુદા આર્થિક પાસા જોતા ખેડૂતોની આવક બમણી કરવા પર ભાર મૂકયો હતો

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર ભા.કૃ.અનુ.પ. - ભારતીય જમીન અને જળ સંરક્ષણ સંસ્થા, વાસદના ડૉ. બી. આર. ભટનાગરે સંકલિત ખેતી પધ્ધતિઓ અપનાવવા જણાવ્યું. ડૉ. સી. પી. દેસાઈ, નિર્દેશક, આઇડીયા, આ.કૃ.યુ., આણંદે તાંત્રિકતાઓના પ્રસાર માટે વિસ્તરણ પ્રવૃત્તિઓ અને સંદેશા વ્યવહારની અસરકારક રીતો જણાવેલ. ડૉ. સુજાતા ભટ્ટ, પ્રોફેસર, એસ.પી. યુનિવર્સિટીએ મત્સ્ય ઉછેરમાં ઉપયોગી જુદા જુદા પ્રકારની ખોરાકની સામગ્રી વર્ણવી હતી. શ્રી રસીક મકવણાએ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા આપવામા આવતી જુદી જુદી યોજના અને સબસીડીઓની માહિતી આપી હતી.

ગુજરાતીમાં "મીઠાપાણીમાં મત્સ્ય ઉછેર" પર એક માર્ગદર્શક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું મત્સ્યખેડૂતોએ પોતાના અનુભવો અને સફળ ગાથા વૈજ્ઞાનિકો, વિધાર્થી અને અન્ય ખેડૂતો સમક્ષ જણાવી હતી. કાર્યક્રમના બીજા ભાગમાં વૈજ્ઞાનિકો અને ખેડુતો દ્વારા ખેડુતોની આવક બમણી કરવા ચર્ચા પરામર્શ કરવામાં આવેલ.

આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જૈમિન એચ ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ), કે.વી.કે., દેવાતજ અને શ્રી સુનિલ એસ ઐલ, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર સીફા, આણંદ દ્વારા કરવામાં આવ્યું હતું ડૉ. અજીત ચૌધરી, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર સીફા, આણંદ દ્વારા કાર્યક્રમને અંતે આભારવિધી કરવામા આવેલ


રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિન સમારોહ
(NATIONAL FISH FARMERS' DAY)










(NATIONAL FISH FARMERS' DAY)